## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




શેઠ... સરકારને ઓક્સિજન ખરીદવાનો થવાનો છે... તો શેઠ આ લોકો જીએસટી વધારશે...?

# જુગારની બાતમી આપી હોવાનો વહેમ રાખી યુવાનની હત્યાનો પ્રયાસ

**વલાદની ટોળકીએ ગામના જ યુવાનના ઘરે ઘુસી તોડફોડ કરી ગાડીમાં અપહરણ કરી લીધું : ગામના સર્કલે રસ્તાથી બાંધી પાઈપો ફટકારી : આરોપીઓની ધરપકડ : છ દિવસના રિમાન્ડ પર**

ગાંધીનગર, તા.૧૭

વલાદ ગામમાં રહેતા એક યુવાને જુગાર રમતા હોવાની બાતમી પોલિસને આપી હોવાનો વ્હેમ રાખી જુગારી ટોળકીએ તેના ઘરમાં જઈ ધમાલ મચાવી હતી. ઘરમાં તોડફોડ કર્યા બાદ યુવાનનું વેગનઆર ગાડીમાં અપહરણ કરી ગામના સર્કલે લઈ જઈ રસ્તાથી બાંધીને લોખંડની પાઈપથી ઢોર માર માર્યો હતો. આ મામલે ડભોડા પોલીસમાં ફરિયાદ થતા પોલિસે આરોપીઓની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

વલાદ ગામમાં રહેતા રોહિત ઉર્ફે ડલ્ટો સોમાજી ઠાકોર ગઈ કાલે પોતાના ઘરે ગયો હતો ત્યારે સવારના અરસામાં વલાદ ગામની જ એક ગેંગ તેના ઘરે આવી પહોંચી હતી. અંકિત મનુ પટેલ, વિક્રમ મનુ પટેલ, મહેશ ઈશ્વર ખાંટ, હર્ષદ ભીખા વ્યાસ (સરપંચનો દિકરો), વીકી બાબુ વ્યાસ, લાલા કલાજી ઠાકોર અને વિક્રમ ઠાકોર મળીને સાત શખ્સો તેના ઘરે ઘુસી ગયા હતા અને ઘરમાં તોડફોડ કરી રોહિતને ઉઠાવી વેગનઆર ગાડી નં. જીજે ૧૮ બી.એફ. ૮૮૫૫માં અપહરણ કરી ગયા હતા. રોહીતે જુગાર રમતા હોવાની બાતમી પોલિસને આપી હોવાનો વહેમ રાખીને આ આખી ગેંગ તેની પાછળ પડી ગઈ હતી અને તેનું અપહરણ કર્યા બાદ વલાદના સર્કલે લઈ જઈ રસ્તાથી બાંધી લોખંડની પાઈપોથી માથામાં થતા શરીરે માર મારી જાનથી મારી નાંખવાની કોશિશ કરી હતી. રોહિતનો એક મોબાઈલ પણ લુંટી લઈને આરોપીઓ ભાગી ગયા હતા. રોહીતની ફરિયાદને આધારે ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ આરોપીઓ સામે આઈપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૪૫૨, ૪૨૭, ૩૬૫, ૩૦૭, ૩૯૭ તથા જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. આજે કોર્ટમાં રજુ કરાતા આરોપીઓના છ દિવસના રિમાન્ડ મંજુર થતા પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

# ઓગષ્ટના અંત સુધીમાં વરસાદના બીજા રાઉન્ડની સંભાવના

ગાંધીનગર, તા. ૧૭

આ વર્ષે રાજ્યમાં અનેક ભાગોમાં અતિવૃષ્ટિ થતા પૂરની સ્થિતિ સર્જાઈ હતી, પરંતુ હજુ પણ રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ ઓછો થવાને પગલે વરસાદની તાતી જરૂરિયાત જણાઈ રહી છે. ભૌગોલિક બાબતો, ગ્રહો તથા અન્ય આધારે ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના મતે ઓગષ્ટ માસના અંત સુધીમાં હજુ પણ રાજ્યના અનેક ભાગોમાં વરસાદની શક્યતા જણાઈ રહી છે. આ વરસાદને પગલે રાજ્યમાં ખેતીને સારો લાભ થશે અને કૃષિ ઉત્પાદનમાં વધારો થશે.

**કૃષિને લાભકારી વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલ**

રાજ્યમાં તેમાંય ખાસ કરીને ઉત્તર ગુજરાતના ભાગોમાં અતિવૃષ્ટિ થવામાં હતી પરંતુ હજુ પણ ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદની તાતી જરૂર છે. સૌરાષ્ટ્રના ઘણાખરા ભાગોમાં વરસાદ ઓછો છે. આથી હવે વરસાદ ન આવે તો કૃષિપાકો પર વિપરીત અસર પડી શકે. આથી ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં આગામી દિવસોમાં રાજ્યના ભાગોમાં વરસાદ થવાની શક્યતા છે. હજુ ઓગષ્ટ તા. ૩૧ સુધીમાં વરસાદ કે વરસાદી ઝાપટાં પડવાની વકી છે. જ્યારે રાજ્યમાં તા. ૨૦ સુધીમાં વરસાદના યોગ છે. જ્યારે તા. ૨૪થી ૩૧માં રાજ્યના ઘણા ભાગોમાં વરસાદી ઝાપટાંની વકી રહે. અંબાજીના ડુંગરાળ વિસ્તારમાં પણ વરસાદની સંભાવના રહે. મઘા નક્ષત્રના આ વરસાદથી ઉભા મોલ સારા થઈ શકે. આગામી ઓગષ્ટ, સપ્ટેમ્બરમાં હવાની હળવા દબાણ ઉભા થવાથી પણ વરસાદની શક્યતા રહે. ભૌગોલિક બાબતો જોતાં બંગાળના ઉપસાગર સાથે સાથે અરબી સમુદ્રનું વહન પણ સક્રિય થવાની શક્યતા રહે. તા. ૧૭ અને ૧૮ દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદ થવાની શક્યતા રહે. જ્યારે તા. ૧૯ થી ૨૧માં રાજ્યના અન્ય ભાગોમાં પણ વરસાદી ઝાપટાંની શરૂઆત થઈ જાય. આ આગાહી કૃષિલક્ષી છે. કોઈ ઉત્પાત સંબંધી નથી માત્ર સંભાવના જ છે.

# રાષ્ટ્રપતિશ્રી ચંદ્રક વિજેતા પીઆઈ એલ.ડી. વાઘેલાનો સન્માન સમારોહ યોજાયો



ચિલોડા, તા. ૧૬

ગુજરાત રાજ્ય પોલીસમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી તથા જવાનોને ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વ-૨૦૧૭ના પ્રસંગે વિશિષ્ટ સેવા-પ્રસંશનીય સેવા અંગેના પોલીસચંદ્રકો એનાયત કરવાની જાહેરાત મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જેમાં ચિલોડા પોલીસ સ્ટેશનમાં હાલ પીઆઈ તરીકે પ્રશંસનીય સેવા અંગે એલ.ડી. વાઘેલાની પોલીસ મેડલ માટેની પસંદગી થવા પામી છે.

પોલીસ ઈન્સ્પેક્ટર વાઘેલો ૩૪ વર્ષની પોલીસ કારકિર્દી સેવા તથા વિવિધ પોલીસ પ્રશંસનીય કામગીરી કરવા બદલ ૨૮૮ ઈનામો મેળવેલ છે. ચિલોડા પોલીસ સ્ટેશનના સમાવિષ્ટ ગામોના સરપંચો, સદસ્યો તથા ગામના અગ્રણી આગેવાનો દ્વારા વાઘેલાની પ્રસંશનીય સેવા પોલીસ મેડલ મેળવવા બદલ તેઓનો શુભેચ્છા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહના આજુબાજુના સરપંચો-સદસ્યો દ્વારા મોમેન્ટો, પ્રશંસાપત્ર, પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે સન્માનિત વાઘેલાની વિશીષ્ટ પ્રસંશનીય સફળ કામગીરીને બિરદાવતા શુભેચ્છા અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ફુટપાથના બાકી કામને પુર્ણ કરવાની દરખાસ્ત અટવાઈ

**રીપેરીંગ પાછળ લાખો ખર્ચાયા છતા ફુટપાથો પર ગાબડા**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં ફુટપાથના બાકી કામો હજુ સુધી અપુર્ણ રહયા છે. ફુટપાથની જાળવણીનુ કામ ખાડે ગયુ છે. વોક વે પર નજર નાંખો ત્યાં ગાબડા જોવા મળી રહયા છે. જયારે કેટલાક ઠેકાણે સર્વેના અંતે બાકી કામ પુર્ણ કરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ વિભાગ દ્વારા દરખાસ્તને મંજુરી ન અપાતા હજુ સુધી ફુટપાથની બાકી કામગીરી પુર્ણ થઈ શકી નથી.

શહેરમાં ફુટપાથના નિર્માણ પાછળ અત્યાર સુધીમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ફુટપાથની જાળવણી પાછળ થતા ખર્ચના અંતે પણ વોક વે પર ગાબડા જોવા મળી રહયા છે. ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા હજુ સુધી દુર ન થતા વોકીંગ કરનારાઓ માટે જોખમી સ્થિતિને નિવારી શકાઈ નથી. વધુમાં વરસાદી દિવસો દરમિયાન પણ ફુટપાથ પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. પરંતુ તંત્ર દ્વારા વોક વે ને યોગ્ય કરવા માટે હજુ સુધી કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. અગાઉ ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ફુટપાથના કર્બિંગને કલર કામ કરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ફુટપાથ રીપેરીંગ માટે પણ લાખો રૂપિયાના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. આમછતા હાલની સ્થિતિએ ફુટપાથ પર તુટેલી ટાઈલ્સો જોવા મળી રહી છે. કેટલાક ઠેકાણે વરસાદી દિવસો દરમિયાન મોટામસ ખાડાઓ પડી ગયા છે. જયારે બીજીતરફ ફુટપાથના બાકી કામને પુર્ણ કરવા માટે પણ આયોજન આખરી થઈ શક્યુ નથી. તંત્ર દ્વારા અગાઉ માર્ગોની સુધારણા સાથે ફુટપાથના નિર્માણના બાકી કામને પુર્ણ કરવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયના અંતે ફુટપાથની કામગીરી માટે દરખાસ્તને મંજુરી ન મળતા હજુ સુધી શહેરના મુખ્ય માર્ગો સહીત સેકટરોને જોડાયેલા વોક વેનુ યોગ્ય સમારકામ થઈ શક્યુ નથી. જયારે બાકી રહેતી કામગીરીને પુર્ણ કરવા માટે પણ દરખાસ્તને મંજુરી મળી નથી. ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ફુટપાથની જાળવણીના નામે મીંડ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

## બયતુલમાલ ગાંધીનગર દ્વારા બનાસકાંઠા પૂર રાહતમાં ફાળો

ગાંધીનગર, તા. ૧૭

બયતુલમાલ-ગાંધીનગર છેલ્લા ૪૪ વર્ષથી ગાંધીનગર શહેરમાં સામાજિક, ધાર્મિક તેમજ શૈક્ષણિક સહિત ઘણા કામો દ્વારા કાર્યરત છે. તાજેતરમાં આવેલ અતિશય ભારે વરસાદથી બનાસકાંઠા જિલ્લામાં ખૂબ જ ખરાબ પરિસ્થિતિ સર્જાતા બયતુલમાલ-ગાંધીનગર દ્વારા જુમ્મા મસ્જિદ સેક્ટર-૨૧, ગાંધીનગર તથા મદિના મસ્જિદ, સેક્ટર-૨૯, ગાંધીનગર ખાતેથી શુક્રવારના રોજની નમાઝમાં ફાળો ઉઘરાવી ફાળાની રકમ રૂ. ૫૦ હજાર ફૂડ પેકેટ, વસ્ત્રોની સહાય તેમજ અન્ય સહાય માટે મોહદ્દીસે આઝમ મીશન, બ્રાન્ચ બનાસકાંઠા-રાધનપુરને મોકલી આપેલ છે. તેમ બયતુલમાલ ગાંધીનગરના પ્રમુખ યુનુસ પરમારે જણાવ્યુ છે.

# દશેલા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

ચિલોડા, તા. ૧૭

તાલુકાના દશેલા પ્રાથમિક શાળાના પટાંગણમાં ૭૧મા સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમપૂર્વક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ ૧૫મી ઓગષ્ટ આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભારત છોડોનો સંકલ્પ લીધો હતો. ૧૯૪૭ ભારતે આઝાદી મેળવી હતી. ૨૦૧૭થી ૨૦૨૨ સુધી સૌ સાથે મળીને નૂતન ભારતનું નિર્માણ કરીએ. ૧૫મી ઓગષ્ટ- સંકલ્પ પર્વ તરીકે ઉજવણીના ભાગરૂપે સંકલ્પ પર્વમાં ભ્રષ્ટાચાર મુક્ત ભારત, સ્વચ્છ ભારત, કોમવાદ મુક્ત, ગરીબી મુક્ત, ત્રાસવાદ મુક્ત, જ્ઞાતિવાદ મુક્ત ભારતના સંકલ્પોને પરિપૂર્ણ કરીએ. આમ દશેલા ગામે તાલુકા પંચાયત ગાંધીનગરના પ્રમુખ કાળુસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થી, વાલીઓ, ગામના સરપંચ સહિત આગેવાનો જુદા જુદા સંકલ્પ લીધા હતા. છેલ્લે કાળુસિંહ રાઠોડે પ્રાસંગિક પ્રવચનમાં શાળાના બાળકો સારૂ શિક્ષણ પ્રાપ્ત કરે તથા ઉજ્જવળ કારકિર્દી બનાવે તેવી શુભેચ્છા પાઠવી હતી.


## જી.એસ.ટી. કરદાતાઓ માટેની અગત્યની સુચનાઓ

- જે નોંધાયેલ વ્યક્તિને અગાઉનાં કાયદા હેઠળની વેરા શાખ લેવાની થતી નથી તેઓએ જુલાઈ માસનું પત્રક **GSTR-3B તા. ૨૦ ઓગસ્ટ** સુધીમાં ઓન-લાઈન ફાઈલ કરવાનું થશે.
- જે નોંધાયેલ વ્યક્તિ અગાઉ કાયદા હેઠળની વેરા શાખનો દાવો જુલાઈ માસની વેરાકીય જવાબદારી સામે પત્રકમાં મજરે લેવા માંગતા ન હોય તેઓએ પણ જુલાઈ માસનું પત્રક **GSTR-3B તા. ૨૦ ઓગસ્ટ** સુધીમાં ઓન-લાઈન ફાઈલ કરવાનું થશે.
- જે નોંધાયેલ વ્યક્તિને અગાઉ કાયદા હેઠળની વેરા શાખનો દાવો જુલાઈ માસની વેરાકીય જવાબદારી સામે પત્રકમાં મજરે લેવા માંગતા હોય તેઓએ ફોર્મ **GST TRAN-1 તા. ૨૮ ઓગસ્ટ** અથવા તે પહેલા ઓનલાઈન ફાઈલ કરવાનું થશે અને ત્યાદબાદ જ જુલાઈ માસનું પત્રક **GSTR-3B તા. ૨૮ ઓગસ્ટ** સુધીમાં ફાઈલ કરવાનું થશે.
- તમામ નોંધાયેલ વ્યક્તિએ જુલાઈ માસનો પત્રક મુજબનો ભરવાપાત્ર વેરો **તા. ૨૦ ઓગસ્ટ** સુધીમાં અચુક ભરવાનો થશે જ.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## GST Return-3B ફાઈલ કરવા તબક્કા વાર માર્ગદર્શન

૧. લોગીન થયા પછી, Return Dash Board પસંદ કરો.
૨. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને મહિનો જુલાઈ પસંદ કરો. સર્ચ પર ક્લીક કરો અને GSTR-3B પસંદ કરો.
૩. ભાગ ૩.૧ અને ૪માં અનુક્રમે તમારી જવાબદારીઓને વેરા શાખાના દાવાઓ ક્લીક કરીને વિગતો ભરો અને જરૂરી માહિતી પૂરી પાડો. ટ્રાન્ઝીશનલ વેરા શાખા GSTR-3B માં દાવો કરી શકાશે નહીં. TRAN-1 અને TRAN-2 મારફતે તેનો દાવો કરી શકાશે.
૪. ભાગ ૫.૧ માં ભરવા પાત્ર વ્યાજ જો હોય તો તેની વિગત દાખલ કરો. લેટ ફીની ગણતરી સીસ્ટમ જાતે કરશે.
૫. SAVE GSTR-3B પર ક્લીક કરો. ડેટા સેવ કર્યા બાદ સબમીટનું બટન પ્રાપ્ત થશે.
નોંધ લેવી કે સબમીટ કર્યા બાદ કોઈ સુધારો થઈ શકશે નહીં, તેથી સબમીટ કરતા અગાઉ ભરેલ વિગતો સાચી છે તેની ખાત્રી કરો.
૬. SUBMIT GSTR-3B ક્લીક કરતા સીસ્ટમ જનરેટેડ લેટ ફી સહિતની સ્વ-આકારેલ જવાબદારીઓ સીસ્ટમના જવાબદારીના ખાતામાં (Liability Register) અને દાવો કરેલ વેરા શાખ સીસ્ટમના વેરા શાખના ખાતામાં (ITC Ledger) નોંધાઈ જશે.
૭. આ પછી પેમેન્ટ ઓફ ટેક્ષ (વેરાના ભરણાં)ની ટાઈલ ખૂલશે. તેને ક્લીક કરવી અને ભરવાના વેરાની અને ઓફસેટ જવાબદારીઓની વિગતો તમારા ભરણાં માટે જણાવો.
૮. ઈન્ટીગ્રેટેડ વેરો, કેન્દ્રીય વેરો, રાજ્ય વેરો અને સેસની મળવા પાત્ર જમા સિલક જોવા માટે CHECK BALANCE બટન ક્લીક કરો. (આમાં TRAN-1 અને TRAN-2 માં સબમીટ કરેલ હશે તો ટ્રાન્ઝીશનલ વેરા શાખાનો પણ સમાવેશ થયેલ હશે). આ બાબત તમારી સંબંધિત માઈનોર હેડ માટેના ભરણા માટેની સિલકની ચકાસણી કરવા પ્રાપ્ત થશે. લાગુ પડતા ભરણાના સેક્શનમાં ડેટા એન્ટ્રી કરવા માટેના ખાના પર માઉસને ફેરવતા પણ સિલક જાણી શકાશે.
૯. તમે તમારી વેરાની જવાબદારી જે રીતે અદા કરવા માંગતા હોય તે ભાગ એટલે કે રોક્ડ અને વેરા શાખાનો વિકલ્પ પસંદ કરો.
(a) સીસ્ટમ તમારી રોક્ડ/વેરા શાખાની સિલક પૂરતી છે કે કેમ તેની ચકાસણી કરશે.
(b) સીસ્ટમ તે પણ ચકાસશે કે, આપે રીવર્સ ચાર્જ હેઠળની જવાબદારી રોકડ દ્વારા જ અદા કરેલ છે.
(c) સીસ્ટમ તે પણ ચકાસશે કે, તમારી વેરાની બધી જ જવાબદારી સરભર થયેલ છે. અંશતઃ ચૂકવણી GSTR-3B માં માન્ય નથી. આથી રોકડ અને વેરા શાખ લેજરમાં પૂરતી સિલક હશે તો જ તમારી જવાબદારીઓ સરભર થઈ શકશે.
(d) ટ્રાન્ઝીશન વેરા શાખ, જો વેરા શાખ લેજરમાં ઉપલબ્ધ હશે તો તેનો ઉપયોગ GSTR-3B હેઠળ વેરાની જવાબદારી ચૂકવવા થઈ શકશે.
૧૦. જવાબદારીઓના ભરણાં માટે OFFSET LIABILITY બટન પર ક્લીક કરો.
૧૧. ડેક્લેરેશન સ્ટેટમેન્ટ પર ક્લીક કરો.
૧૨. ફોર્મ ફાઈલ કરવા અધિકૃત સહી કરનારની પસંદગી કરો.
૧૩. File GSTR -3B નું બટન DSC અથવા EVC સાથે ક્લીક કરો
૧૪. સફળતા પૂર્વક ફાઈલ થવાનો સંદેશો દેખાશે અને પહોંચ જનરેટ થશે.

AUGUST 20

**વધુ માહિતી માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો.**
http://tutorial.gst.gov.in/userguide/returns/index.htm#t=Create and Submit GSTR3B.htm&rhsearch=3B&rhhlterm=3B&rhsyns=%20

રાજ્ય વેરા કમિશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ
બીલ આપી,
રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિમાં ભાગીદાર બનીએ.
www.commercialtax.gujarat.gov.in

Follow us on
@askGST_GoI | @askGSTech

Helpline No.:
079-26576856, 26576858, 26595000
Contact for Arrangement of Seminar :
079-26601171, 26614025

1 NATION 1 TAX 1 MARKET